Appendix - 2



## પરિશિષ્ટ - ૨

## પારસી નાટક મંડળીના ગીતો.

### (૧)
### દીલ ફરોશ.

દીલે નાદાંકો હમ સમજાએ જાએગે,
હીજ્રમે જીનકે જાન ચલી હય,
ન વોહ અહેલે સીતમ બુલવાએ આએગે -- -- દીલે.
સખ્ત પત્થરસે જીયાદા હય તેરા દીલ કાતીલ,
હુઇ આસન ન જાંબાઝકો મુશ્કીલ કાતીલ,
ઉફે બે દર્દ સીતમ પેશવાએ જાટીલ કાતીલ,
ન કીયા જીબ્હા ગયા છોડકે બીસમીલ કાતીલ,
હયને જખ્મ પુકારા કીયા કાતીલ કાતીલ,
કીસે જખ્મે જીગર કે ટકે ચરણે દીખાએ જાએગે -- -- દીલે નાદાં

### ( ૨ )
### દોરંગી દુનિયા.

કરકર પરંવટ ? અમ પામર પર નજર જરો ?
દાદગર દાવર મારા રે, કશ્મ કઇ કરી - કર કર.
અમ નાચારી, મહીં તારી, કરી ભારી, ઉમેદવારી,
ઓ દાતારી ? તુજ દીલદારી, થકી તારી, માંગુ યારી ?
દાતા । પગે પઠી - કર કર
પરીતાપ ઓ બાપ । તું કાપ હરી,
અરજી એ સુનો ખરી, મરજી મુઝ હૈયે ધરી । -- -- દાદગર.

(૩)

ચલો ચંગ ક      ભૂલ ભૂલઇયાં

ચલો ચંગ કરે, નદીરંગે કરે, દીલ તંગ કરે,
મીલ ઢંગ કરે, સભી સંગ સંગ કરે, ચાલો યારો સારો,
મારો મારો, છાપામારો, ઘાત કરો, સભી સંગ કરે -- ચલો.
હમ જરી સોતમગરી સીતમગરી દીખાયે, યારો.
સીપાટગરી દીલાવરી દીખાએ, હાં હાં હાં હાં હાં
કામસે નામ હય યાર, ઇધર ઉધરસે ભરકે ખીસે
ઝરસે હમ ફીરે ...... ચલો.

(૪)

તાજે નેકી.

જોબન બરસન લાગે રાજા,
ઝમઝમ ચમરામ ચમકે તાજ આજ -- -- જોબન.
છત્ર શીશપર ઘુમઘુમ તન દમકત ચમકત મલક ફલકતક ઘુમ,
તન મન નાદીર નાદીર સુભાવ ઘગઘગ જગજગ મુકટ બીકટ,
બરતર સરતર આસમાન તક, દાદ દાદકાં ડંકા કકકક,
ચંદ્રશાન તલક તક લજાત મુખ આસમાન તકતા -- -- જોબન.

(૫)

ભૂલ - ભૂલઇયાં

બદ કીસમતસે હો ગયે સામાં નયે નયે,
હાંસીલ કીયે હય હસરતો અરમાં નયે નયે -- બદ
ગુરબત મેં સએરે લાઅલો ગુબ અબ કટાં નસીબ,
સહેરાં નયે નયે હય બોયાંબાં નયે નયે -- બદ
કરતા હું કદ્ર અપને દીલે લબ્ન લખ્તકી,
પએદા કીયે હંયે લાઅલો બદખશાં નયે -- -- બદ.

(૬)

## ભોલી જાન.

તરસાં દીયે તાડી વગરે, ટટલાટ અસહય કેમ સહીયે -- --તરસાં
તાડી તે માટીનું દુધ મરદાંની, મહીયારી વાઘણ રે -- --તરસાં
તાડી તે નાડીની તનદરોસ્તી, શાંત કરે તન મન રે -- --તરસાં
સુખકારક એ સુકાળ વટી ગયો, આજ બે રૂપીએ મણરે -- --તરસાં
ગામ ગમેશના રડે ગરીબો, ટળીએ કાળ મ્હાજનરે -- --તરસાં

(૭)

## કરણ ઘેલો.

આવો સખી આવો માને મોતીડે વધાવો,
મોતીડે વધાવો માને, ફુલડે વધાવો, -- -- આવો.
કલ્પ તરૂ જશવતી જગ જનૂની
મનવાંછીત્ જય વિજય અપાવો, મોતીડે
અલ્પ ગતિ પહાડ, ઇચ્છું ઉલંઘવા.
જય જય વિજય વિજય જય થાઓ.

(૮)

## આશકકા ખુન

દસ્તિ દુશમન કે હો, ઔર દોસ્તકે દુશમન તુમ હો,
અએ બુતો નામે ખુદા જાનતે કયા ફન તુમ હો ? -- દોસ્ત.
ખુની આશકકા નહી મીટતા હએ ધબ્બા હરગિઝ,
હશ્ર તક ધોતેરહા કરતે ગો દામન તુમ હો -- દોસ્ત.
રહમ કરતે તુમ્હે દેખા કભી આશક પર,
સિનેમે દિલકી જઘે રખતે કયા આહન તુમ હો ? -- દોસ્ત.
કાફરો કરતે બહોત તુમ હો ગુનાહગારોસે,
બે ગુનાહોંકી સદા મારતે ગરદન તુમ હો -- દોસ્ત.
જાતે હો તુમ જો ખરાબાતિયોમે રહેનેકો,
" રોનક " આબાદમે કયું રખતે મસકન તુમ હો ? --દોસ્ત.

(૯)

## ડોરસ.

દાલે હું છેઉં દુલ્લો જવાનનો બહાર
એબી સાચ, એબી સાચ, એબી સાચ છે ।
અરે જુઓ કાંહાં પણ મલેછ ધોરનાર,
એબી સાચ, એબી સાચ, એબી સાચ છે ।
પચ્ચીસ ટકા સુધી વ્યાજની જીકર કરું છું.
પિદર મરે, ડબલ મળે વરી ભુસી મરું છ.
રે તરીમ ત્રાક થઇ સાચે બની ઠની ફરું છ
એબી સાચ, એબી સાચ, એબી સાચ છે ।

(૧૦)

## સુડી વચ્ચે સોપારી.

શોભે શું સુશોભિત સુંદર સાંજ,
રંગરુપે રોશન રબનું આ રાજ. -- શોભે.
રચીશું કુદરતે રચણા આજ
સજયો શો વસંતે શણગાર સાજ -- શોભે.
સુગંધી સુરંગી લિલા સરફરાઝ,
કુદરતને છાજતુંજ શિરતાજ -- રંગ શોભે.
ભક્તિ રસ પી વધાર કુદરતી કાજ,
ધરાવી ખંતી જીગરે ધર્મ દાઝ -- રંગ - શોભે.

(૧૧)

## ગોપીચંદ.

દુનિયા સારી સમજો જુઠી, જુઠા સબ સંસારાહી,
કાયા જુઠી માયા, જુઠા જગ બેવટારાહે -- દુનિયા
માલ ખજાના, ધન દોલત સબ, જોબન ઔર જવાની રે.

આવે ઉનસે જાવે ઉનકો, જયસો જલકા ધારારે -- દુનિયા.
જલમે થલમે, ઘર જંગલમે, દલ બાદલમેં, કલ બે કલમે - દુનિયા.
આરામમે જો રામકો ભૂલે, તકલીફો વ્હો ડૂબેગા.
હરદમ તાલિબ હો તું હરકા, હરલે વ્હોજમ ભારાહે -- દુનિયા.
આલિ ગૌહર, વાલી જગધર, સબપર યાવર, સબકા દાવર,
બાલા બરતર, આલા અફસર, સાહિબ પરવર, હય જો સરપર,
નાગર નટવર, સુંદર ગિરધર, ઉસપર ચિતધર, અયનુર ખુદસર
મતકર શાસદર, મતકો ઇનભર, જાહર ભજકર, ટહે ગર ... તજકર--દુનિયા.

(૧૨)

ભૂલો પડેલો ભીમભાઇ.

એક બસ એક ફકત એક લીએ જાંમ,
થાય હુશ્યાર હોજો કોઇ બરો તે બેકામ
તો પીઓ મારા લાલ પીઓ બે મોસાલ,
રંગીન રંગીન આબ પી ખુશતન તમામ - એક.
જે નર દારૂ ન પીએ તે મરદ નહીં મુદામ.
મરદ નહીં પણ ઘાચીનો એક બળદ તેનું નામ
એવા નર બેલ - આ દુનિયાથી ગાફેલ,
તેવાઓનું જીવતર છે, આ દુનિયામાં હરામ - એક.
પીઓ પ્યારા બેધડક તમ ઢોસો બે લગામ
રંગ રાગથી પીતાં શરાબ ગજાવો આ ધામ.
નહીં પીએ શરાબ - થાય ખાનું ખરાબ,
ચાવવો નથી પડતો યારો દારૂ જેનુ નામ -- એક.

(૧૩)

નીંદાંખાનું.

છુમ છુમ છુમ, ઝુમ ઝુમ ઝુમ, દુમ દુમ દુમ, ધુમ ધુમ ધુમ,
ધમાલ ધાડ ધાયજી - છુમ
દધમ ગડબડે ધું ધૂં ધું ધૂં, ભુંગલ ભૂકે ભું ભૂ ભુ ભૂ,

તંત વાદય તુંતુન તુંતુન, વાગતુ પરઘામ
ડરર ધૂ, ડરર ધૂ, ડરરરરરરર ધૂ,
ખણ ખણ ખપતું સાજ, ગણ ગણ ગણતું ગાજ,
સ્વારીશું જાયજી - ધુમ,
વીજલી ચમકે તરવાર તેજ તણી.
કાપી શત્રુ સપ સપ સપ સમ,
બાણ છૂટે સરરરરરરર
ધડકે તેજા કમાન તીર.
ધરતી ધડકે ધડકે ધડાક બંધ,
ધૂલ ધુમાડા, બૂમ બુમાટા, ભૂમિ ભૂમિએ,
સૂરજ વાદળ છાંયજી - છુમ.

(૧૪)

ઈન્દર સભા.

મઆમુર હું શોખીશે શરારતસે ભરી હૂં,
ધાંની મેરી પોશાક હએ, મએ સબ્જ પરી હું - મુઆમર.
કયા અસ્લ હએ સબ્જેકી મેરે હુસ્નકે આગે ?
ફએરોજેસી ખુશરંગ જમરૂદસે ખરી હું -- મુઆમર.
લે લેતી હું દીલ આંખ ફરીશ્તોશે મીલાકર
ઈનશાં હએ બલા કયા ? મએ નહી જોનએ ડરી હું - મુઆમર
શોઅ્લા હએ, ભભૂકા હએ ગજબ હએ મેરા ગુસ્સા.
જલ જાએ પરીજાદ જો મએ ગર્મ જરી હું -- મુઆમર.
જીન્દા ન શળેંગા મુઝે સુન લેગા જો રાજા.
શહેજાદએ ગુલફામકી સુરત પે મરી હું -- મઆમુર
વો શમ્આ, મએ પરવાના હું, વો સર્વ, મએ કુમરી
વો ગુબ હએ જહામે, મએ નસીમે સહરી -- મઆમર

(૧૫)

## અસલાજી.

બુલબુલ તારી આમદે, તૂં બ્હાર લાયું ગુલશનમાં
ગુલના દિલપર રંગની, બસ નૂર છાયું ગુલશનમાં – – બુલબુલ.
રોનક તૂંથી બાગમાં છે, નાજ તૂંથી સળજોમાં
ચટકી રહી બસ 'ગુલ ' કલી તે ગીત ગાયૂં ગુલશનમાં – બુલબુલ.
શોખી આજે જોઇ, જ્યારે શોખ તારી ચશ્મોની
નર્ગિસ આસૂ નીરથી બસ ખૂબ નહાયૂં ગુલશનમાં –– બુલબુલ.
લાલી લબની જોઇ તો બસ ફાર ખાઇ લાલાએ.
સુર્ખી સારી ખોહિ દોધી મૌત ચ્હાયૂં ગુલશનમાં –– બુલબુલ.
મનમોહન મહતાળ મુખડા આય ત્હારા " રોશન " પર
સૂરજ મુળી ફુલ લાજે, બહુ લજાયૂં ગુલશનમાં –– બુલબુલ.

(૧૬)

## જુનીબાઇ વિરુધ્ધ નવી બાઇ

શું અજબ જમાનો આયો – કે જવાન થયા શાણા.
થઇ તડમ તડાક બિરાજે – જાણે મોતી દાણા.
મોટી મોટી કરિ વાતો – જાણે રૂડા રાણા.
દિલનાં છે મોટા દરિયા – પણ ખીસાંના કાણા.
( કોરસ) જુઠા કે અકડે – જુઠા કે અકડે.
ખાલી ખોખાંઓ ખખડે.
જુઠા કે અકડે – જુઠા કે અકડે
કોરા વાગાએ કકડે
ઘરમાં પરણી ફફડે
જો સાઠ કદમને છેટે – કદિ જવું હોય ભાઇ
તો બગી હરામવે દેખી – પગ જાએ ફસકાઇ
નાજુક નારોની માફક – ચાલે છે મચકાઇ

રાતે તો ઓળા જોઇ - ભડકે છે ગભરાઇ
( કોરસ ) જુઠા કૈં અકડે - જુઠા કૈં અકડે.
ત્રિસ રૂપિયા કમાઇ લાવી - દસનાં તો બૂટ લિયે
વળિ ઠંડા બરફ વિના તો - પાણી નહિ કબૂપિયે.
પોતાની ફરજ ન જાળી - બીજાને શીખ દિયે.
રેશુણી લિયો નાદાનો પાળડો નિત તજીયે
( કોરસ ) જુંઠા કૈં અકડે - જુઠા કૈં અકડે

(૧૭)

નાજાં શીરીન

I have seen a deal of gaiety
I lead a jolly life
My name is Retty madame
The handsome parsee's wife
The thing I most excel -
In dressing neat and tight
In silken suits and patent Boots
The brightest of the bright.

( CHORUS )

For Retty madam is my name (twice)
Good for every drink at night ( twice )
from Brandy to chamoagne
my father were a surly lot,
They curbed my flighty ways
But now I am no more their slave
My bills my husband pays.
He daily takes me to the Balls

He daily takes me to the Balls

And Treacher's kemp's and watson's shops.

Are hououred by my calls.

( CHORUS )

Form meadows street to esplanade

The people all exclaim

Oh ? there goes Retty madame.

The handsome Parsee's dame --

Oft I ride on Arab horse

And cut my gentle capers

And private coneert oft I sing

And oft I write to papers.

(૧૮)

ગામરેની ગોરી

ન બોલો મારુ મારુ - નતારૂ, ન મારું

મે જમનું નગારું થશે તો અડારું છે, તારૂં ને મારૂં - નબોલો.

સુંદર રૂપ એજ તારૂ, ચંદર સુ તેજ સારૂં

અંતે થશે અંધારૂ, સડડારૂ અવારૂ, તો તારૂં ને મારૂ - ન બોલો.

કોઇ દુન્યામે ન જોહાક સમ જાલમ થયો.

તેબી આખર ન રહયો, તજી આ આલમ ગયો ।

દુન્યાથી ચાલતાં થાવું છે એક દીન.

મારૂંને તારૂં તજી જાવું છે, એક દીન, મારૂ - નબોલો.

(૧૭) રૂસ્તમ-સોહરાબ ઓપેરા.

નેધા કરી જો આ ગુંબજ જરનેગાર
કે છે છાપરું જેનું મજબુત બીન આધાર
એ ફરતા આકાશના તંબુ પર લોચન
ફેરવીને જો! તેમાં ચરાગ રોશન
એક છે ચાકીદાર, બીજો કરે છે રાજ
એક માંગે છે દાદ, બીજો મગતાજે તાજ.
એક છે દુ:ખી જીવ, બીજો મહાલે તાજ
એક પામે છે જીવન, તો બીજો મરણ.

— x —

## (૨૦)

### હાતમ બીન તાઇ

ઓ અલબેલે મિયાં આશક, કયા અબભી હય વોહિ મલાલ ?
મિયાં રોતે કયૂ, તો સુરત અયસી વ્હો હય તુમારા હાલ - ઓ.
જરરિન પોરા હુવી હય રહમેં મેરે આકાકી દિલદાર,
ઉસકે વસ્લસે થે મશગુલ કે યાદ આયા હય તુમારા કાર.
ઉસે ઇશ્વર રવાના કરકે, ગયે ઉધર મેરે સરદાર.
મુઝે રાહામે મિલી તો લે આયા મયને હોકે ખિજમતગાર.
ઉસે લાકે સારમે ઉતારા, જહાં રહતે હો તુમ અય લાલ,
મિયાં રોતે કયૂ તો સુરત અયસી વ્હો હય તુમારા હાલ - ઓ.

## (૨૧)

### કરણી તેવી પાર ઉતરણી

કે દયા કરો કે દયા કરો - રે કાં બાવાજી ક્રુર કરો
રબના ડરથી તો જરા ડરો - કે દયા.
મુજ કાકાના બેટા જેઓ - મારે છે હાય સદા તેઓ.
નાટક હકના લૂટી લેઓ - કે દયા.
ધન છતે ધાન્ય ને ધામ વના - દિવસો કાટડે છે બહુ દુઃખના,
પોકાર સુણો કોમલ મુખના - કે દયા.
તમ દ્રવ્ય જમાવો મજકાજે - હું કાલ મટીશ કે કબુ આજે
કે મ્હા દુઃખ મુજ તનમાં ગાજે - કે દયા
શું ખોફ નથી તમને રબનો - રે ત્યાગ કરો બૂરી ઢબનો.
આપો આપો ના ક્રુર બનો - કે દયા.

## (૨૨)

### આશકકા ખુન.

મોરી મનમાની મોહેના મોહે ચયેન, દિનો રયેન,
દરસ સરસ બિન તોરે નહીં સોહેના - મનમાની
બસ ગઇ જબસે તું મનમાં હમારે તોહે દમભર નાહી બિસાહે
જાવે ન જબતક ચમકે વ્દારે તબ તકભી બિસરેગે
હમ જાની તોહેના - મનમાની.